અપીલ અરજી નં.૩૭૬ તા.૨૭ –૧–૧૦

અરજદારઃ શ્રી પ્રકાશ બી. બાગુલ
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રકાશ બી. બાગુલની તા.૨૯–૧૨–૦૯ ની અરજીથી બમરોલી ખાતે આવેલ રામેશ્વર નગર સોસા.ના પ્લોટ હોલ્ડર મારૂતી શાલપ્પા ડહાકેએ પ્લોટ નં.૧૧૩ થી ૧૧૬ દુકાન વત્તા રેસીડેન્સીયલ આરસીસી બાંધકામની પરવાનગી મેળવેલ છે કે કેમ? માહિતી આપવા બાબત.

**સંદર્ભ** :– અરજદાર મજકુરની તા.૨૭–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૭૬/૨૦૦૯–૧૦

શ્રી પ્રકાશ બી. બાગુલની તા.૨૯–૧૨–૦૯ ની અરજીથી બમરોલી ખાતે આવેલ રામેશ્વર નગર સોસા.,ના પ્લોટ હોલ્ડર મારૂતી શાલપ્પા ડહાકેએ પ્લોટ નંબર ૧૧૩,૧૧૪,૧૧૫,૧૧૬, દુકાન વત્તા રેસીડેન્સીયલ આર.સી.સી. બાંધકામની પરવાનગી મેળવેલ છે કે કેમ? તે અંગે માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક./આ. નં.૫૯૯૪ તા.૮–૧–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૬૧ તા.૫–૨–૧૦થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/૭૦ તા.૧૫–૨–૧૦ અત્રેના વિભાગને મળેલ છે. જેમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને પાઠવવામાં આવેલ પત્ર નં.સા.ઝોન/ ટેક / ૫૯૯૪ તા.૮–૧ –૧૦ ની નકલ અત્રે પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા.૨૯–૧૨–૦૯ની અરજીથી બમરોલી ખાતે આવેલ રામેશ્વર નગર સોસા. પ્લોટ હોલ્ડર મારૂતી શાલ પ્પા ડહાકે એ પ્લોટ નં.૧૧૩, ૧૧૪, ૧૧૫, ૧૧૬ દુકાન વત્તા રેસીડેન્સીયલ આરસીસી બાંધકામની પરવાનગી મેળવેલ છે કે કેમ? તેની માહિતી માંગવામાં આવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને સા.ઝોન/ટેક/૫૯૯૪ તા.૮–૧–૧૦ થી આપની અરજીમાં જણાવેલ પશ્નવાળી મિલ્કતમાં અત્રેથી કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી. તેવો પ્રત્યુત્તર પાઠવેલ છે. અરજદાર તરફથી તા.૨૭–૧–૧૦ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે જેમાં જો સદર બાંધકામ કરતા માલીકને બાંધકામની વિકાસ પરવાનગી આપવામાં આવેલ ના હોય તો, ગેરકાયદેસર બાંધકામ કરવા દેવાય ? આ ગેરકાયદેસર બાંધકામ અટકાવવાની જવાબદારી કોની? આ ગેરકાયદેસર બાંધકામ કરવા દેવા માટે જવાબદાર કોણ? સદર બાંધકામની ફરીયાદ હોવા છતાં અને તેની વિકાસ પરવાનગી ન હોવા છતાં કરવા દેવાય છે યાને કે ગેરકાયદેસર બાંધકામને શહેર વિકાસ ખાતા તરફથી ઉત્તેજન આપવામાં આવે છે તેવું ફલિત થાય છે. શહેરમાં નવા બાંધકામોને વિકાસ પરવાનગી વગર કામો કરવા દેવાતા નથી. જયારે પ્રશ્નવાળી મિલ્કતનું જાણી જોઈને બાંધકામ થવા દેવાય છે. આ બાંધકામ અંગે મારો વાંધો હોય, મારા વતી ઉપસ્થિત કરવામાં આવેલ પ્રશ્નવાળી મિલ્કતને શહેર વિકાસ ખાતાની પરવાનગી લીધા બાદ જ બાંધકામ કરવા દેવા બાબતે અપીલ કરેલ છે. અપીલમાં અરજદારે કરેલ રજૂઆત મુળ અરજીથી અલાયદી અપીલ તબકકે પૂરક ઉપસ્થિત કરેલ છે. જેને માટે અપીલનું કારણ ઉત્પન થતું નથી. વધુમાં આ બાબત કાર્યવાહી/તકરાર નિવારણને સ્પર્શતી જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૧૨–૦૯ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતુ ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા ઉભા કરેલ પૂરક પશ્નો તકરાર નિવારણ તથા વહીવટી કાર્યવાહીને લગતા હોઈ તે બાબતે અરજદાર સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૧૦

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન.....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી પ્રકાશ બી.બાગુલ